વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ

# કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળો

**તારીખ :** ૦૬/૦૬/૨૦૧૪ અને તા.૦૭/૦૬/૨૦૧૪ **સ્થળ :** તાડકુવા, વ્યારા, જિ. તાપી

## (૧) પ્રસ્તાવના :

સને ૨૦૦૫થી દર વર્ષે અખાત્રિજના દિવસથી રાજય સરકારશ્રી તરફથી એક માસની સમયાવધિના રાજય વ્યાપી ભવ્ય કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. નવિનત્તમ કૃષિ ટેકનોલોજીને કૃષિ યુનિવર્સિટીઓની પ્રયોગશાળામાંથી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ કૃષિ વિકાસના આ મહા અભિયાનમાં દર વર્ષે કૃષિ જાગૃતિની સાથે સાથે રાજય સરકારશ્રીના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો અને લોક કલ્યાણની યોજનાઓના નવા નવા પરિમાણોનો ઉમેરો થતો રહ્યો છે. કૃષિ સમૃધ્ધિ થકી આર્થિક સમૃધ્ધિના મહામંત્રની અવિરત આગેકૂચના ભાગ રૂપે ચાલુ વર્ષ ૨૦૧૪ દરમ્યાન રાજય સરકારશ્રી તરફથી તા.૨૬/૦૫/૨૦૧૪ થી ૦૯/૦૬/૨૦૧૪ (૧૫ દિવસ) સુધી ૧૦ માં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

## (૨) માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ ઉદ્દઘાટન સમારોહ કાર્યક્રમ :

નવસારી કૃષિ યુનિવર્સિટી અને તાપી જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ અંતર્ગત દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ તા.૦૬/૦૬/૨૦૧૪ને શુક્રવારના રોજ તાડકુવા, વ્યારા, જિ. તાપી ખાતે માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતીમાં યોજાયેલ હતો, જેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

- માન.મુખ્યમંત્રીશ્રીનું સવારના ૯.૩૦ કલાકે હેલીપેડ વ્યારા ખાતે આગમન.
- હેલીપેડથી સીધા તાડકુવા, વ્યારા, જિ. તાપી ખાતે યોજાયેલ મેગા ઈવેન્ટ પરિસરમાં પધારીને પ્રથમ ગૌ પુજન કરીને પશુ આરોગ્ય મેળાનું ઉદ્દઘાટન કર્યુ હતું અને પશુ ચિકીત્સા કેમ્પની કામગીરી રસપૂર્વક નિહાળી હતી. ત્યારબાદ કૃષિમેળાના પ્રદર્શનના સ્ટોલ્સની મુલાકાત લઈને ઈનોવેટીવ ફાર્મર્સ, કૃષિ વૈજ્ઞાનિકો અને સ્ટોલધારકો સાથે નવિન કૃષિ ટેકનોલોજી અંગે પૃચ્છા કરી હતી.
- સ્ટોલ્સની મુલાકાત બાદ સમારોહના ઉદ્દઘાટક અને અધ્યક્ષ માન.મુખ્યમંત્રીશ્રી સવારના ૧૦.૦૦ કલાકે દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના સભામંડપમાં પધાર્યા હતા. સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવો/કલેકટરશ્રીએ માન.મુખ્યમંત્રીશ્રીનું કૃષિ પેદાશની ટોપલી આપીને સ્વાગત કર્યુ હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડો. એ.આર.પાઠક તરફથી પણ કૃષિ પેદાશની ટોપલી અને મોમેન્ટો આપીને માન. મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રી સભામંડપમાં પધાર્યા તે પહેલાં નીચે દર્શાવેલ મહાનુભાવોએ ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધી હતી.

- ૧. શ્રી નાનુભાઈ વાનાણી, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ (સ્વતંત્ર હવાલો) જળ સંપતિ (કલ્પસર સિવાય), શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ગુજરાત રાજય અને સહ પ્રભારીમંત્રીશ્રી, તાપી

  ૨. શ્રી બચુભાઈ ખાબડ, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, પશુપાલન અને મત્સ્યોદ્યોગ, ગુજરાત રાજય
- માન.મુખ્યમંત્રીશ્રી સભામંડપમાં પધાર્યા ત્યારંબાદ શ્રી ગણપતભાઈ વસાવા, માન. મંત્રીશ્રી વન અને પર્યાવરણ, આદિજાતી વિકાસ, વૈધાનિક સંસદિય બાબતો ગુજરાત રાજય અને પ્રભારીમંત્રીશ્રી, તાપી જિલ્લાએ જનમેદનીને સંબોધી હતી.
- ઉદ્‌ઘાટન સમારોહમાં માન.મુખ્યમંત્રીશ્રીએ ૧૦.૩૫ કલાકે મહાનુભાવોની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કર્યુ હતું.
- દીપ પ્રાગટય બાદ પદાધિકારીઓ અને દક્ષિણ ગુજરાતના ૬ પ્રગતિશીલ ખેડૂતોએ તેઓએ કૃષિક્ષેત્રે કરેલ નોંધપાત્ર કામગીરીના પ્રતિક સાથે માન.મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યુ હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે રાજયકક્ષાનો સરદાર પટેલ એવોર્ડ વિજેતા શ્રી જયંતિભાઈ રતિલાલ પટેલ (રહે. જલાલપોર, જિ. નવસારી)નું ચેક, શાલ અને સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નવસારી કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થી શ્રી પિયુષ શંભુભાઈ વાગડીયાનું રાયફલ શૂટીંગક્ષેત્રે સિધ્ધિ બદલ સ્મૃતિ ચિહન આપી બહુમાન કરેલ હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૨૧ લાભાર્થીઓને યોજનાકીય સહાયના ચેક/મંજૂરીપત્ર એનાયત કરવામાં આવેલ હતા.
- નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ આઠ બુકો અને ખેડૂતોપયોગી વીસીડીઓનું માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીએ વિશાળ ખેડૂત ભાઈઓ અને બહેનોની જનમેદનીને ૪૦ મિનીટ સુધી સંબોધન કર્યુ હતું.
- કાર્યક્રમની આભારવિધિ શ્રી રંજીથકુમાર જે., કલેકટરશ્રી, તાપીએ કરી હતી.
- માન.મુખ્યમંત્રીશ્રી ના ઉદબોધન સમયે સભા મંડપની અંદર અને બહાર લગભગ ૩૦,૦૦૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતી હતી.
- માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સ્ટેજ પરથી આગળના ગંતવ્ય સ્થાને જવા માટે બપોરના ૧૧.૩૫ કલાકે પ્રયાણ કર્યુ હતું.

## (૩) કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળો :

દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ અંતર્ગત તા.૦૬/૦૬/૨૦૧૪ અને તા.૦૭/૦૬/૨૦૧૪ એમ બે દિવસ માટે તાડકુવા, વ્યારા, જિ. તાપી ખાતે કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળોનું આયોજન કરવામાં આવેલ હતું, જેની સંક્ષિપ્તમાં વિગત નીચે મુજબ છે.

## (૩.૧) કૃષિમેળો :

- કૃષિમેળાની તારીખ, સમય અને સ્થળ : તા.૦૬/૦૬/૨૦૧૪ અને તા.૦૭/૦૬/૨૦૧૪ સવારના ૯.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક. તાડકુવા, વ્યારા, જિ. તાપી
- કૃષિમેળામાં થીમ પ્રમાણે કુલ પાંચ ડોમમાં ૧૦'×૧૦' ની સાઈઝના કુલ ૧૫૦ સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં આવેલ હતા, જે પૈકી બે ડોમમાં ૪૦ સ્ટોલ્સ નવસારી કૃષિ યુનિવર્સિટી અને ૨૦ સ્ટોલ્સ ખેતીવાડી ખાતા/એન.જી.ઓ./જિલ્લાની અન્ય એજન્સીઓના હતા જયારે ત્રણ ડોમમાં ૯૦ સ્ટોલ પ્રાઈવેટ એગ્રો માર્કેટીંગ કરતી પાર્ટીઓના હતા.
- ઉપરોકત બે દિવસ દરમ્યાન ૪૦,૦૦૦ ખેડૂતોએ કૃષિમેળાના પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

● નવસારી કૃષિ યુનિવર્સિટીના ૪૦ સ્ટોલ્સની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | કૃષિ ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર યુનિટ/સબ યુનિટ/વિભાગ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ગુજરાતની કૃષિ વિકાસ યાત્રા | પ્રાધ્યાપક અને વડાશ્રી, વિસ્તરણ શિક્ષણ વિભાગ, ન.મ.કૃ.મ., નકૃયુ, નવસારી | 2 |
| ૨ | જમીન વિજ્ઞાન–સોઈલ હેલ્થ કાર્ડ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન વિભાગ, નકૃયુ, નવસારી | 2 |
| ૩ | કૃષિમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ICT)નો ઉપયોગ | નિયામકશ્રી, આઈ.ટી., નકૃયુ, નવસારી | 2 |
| ૪ | ડાંગરની નવી ક્ષિતીજો અને મૂલ્યવર્ધન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી (વ્યારા સાથે સંકલન) | 2 |
| ૫ | શેરડી : ટકાઉ ખેતીનો અભિગમ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર,નકૃયુ, નવસારી | 3 |
| ૬ | કપાસ : નવી જાતો અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત | 2 |
| ૭ | કઠોળ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કઠોળ), કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | 2 |
| | તેલિબીયાં પાકો : પીળુ સોનુ (મગફળી,દિવેલાં,ખરસાણી) | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નાઈઝર સંશોધન કેન્દ્ર, નકૃયુ, વણારસી, તા.વાંસદા | |
| ૮ | બાગાયત : હાઈટેક હોર્ટિકલ્ચર, ફૂલો, પપૈયા, શાકભાજી, કંદમૂળ અને ઔષધિય પાકો | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | 5 |
| | લો–કોસ્ટ ગ્રીન હાઉસ | | |
| | ફોરેસ્ટ્રી : વન ઉછેર અને પેદાશો | | |
| ૯ | જુવારની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત | 1 |
| ૧૦ | કૃષિ યાંત્રિકીકરણ અને સુધારેલ ખેત ઓજારો | પ્રાધ્યાપકશ્રી, કૃષિ ઈજનેરી વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | 2 |
| | વધુ આવક માટે પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી | | |
| ૧૧ | જળ અને જમીન વ્યવસ્થાપન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), જળ અને જમીન વ્યસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | 3 |
| ૧૨ | ઓર્ગેનીક ખેતી | પ્રાધ્યાપકશ્રી, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | 3 |
| | કૃષિ પાકોમાં કીટક નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નવસારી | |
| | વનસ્પતિ રોગ નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નવસારી | |
| ૧૩ | આદર્શ પશુપાલન | આચાર્યશ્રી, વનબંધુ વેટરીનરી કોલેજ, નકૃયુ, નવસારી | 2 |
| ૧૪ | મત્સ્યપાલન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), જળ અને જમીન વ્યસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | 2 |
| ૧૫ | નાગલી– મુલ્ય વૃધ્ધિ અને કુપોષણમાં મહત્વ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, જિ.ડાંગ | 1 |
| ૧૬ | કેળ : કલ્પતરૂ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) અને આચાર્યશ્રી, અસ્પી બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી | 2 |
| ૧૭ | સફળ વાર્તા, કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વ્યારા | 1 |
| ૧૮ | કૃષિ માહિતી અને સાહિત્ય | સરદાર સ્મૃતિ કેન્દ્ર અને એટીક, નકૃયુ, નવસારી | 1 |
| ૧૯ | કૃષિ શિક્ષણની સવલતો | કુલસચિવશ્રી, નકૃયુ, નવસારી | 2 |
| | | **યુનિવર્સિટીના કુલ સ્ટોલ્સ** | **40** |

નોંધ : (૧) યુનિવર્સિટીના ૪૦ સ્ટોલ્સમાં જરૂર મુજબ એલ.સી.ડી. ટીવી ની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

## (૩.૨) પશુ આરોગ્ય મેળો :

તા.૦૬.૦૬.૨૦૧૪ના રોજ વ્યારા મુકામે આયોજીત પશુ આરોગ્ય મેળાનું ઉદ્દઘાટન માન. કૃષિમંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા અને વન અને પર્યાવરણમંત્રી શ્રી ગણપતભાઈ વસાવાની ઉપસ્થિતીમાં મા.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે ગીર ગાયની પૂજનવિધિ કરી કરવામાં આવેલ હતું. ત્યારબાદ મા.મુખ્યમંત્રીશ્રી અને તેમની સાથે પધારેલ મંત્રી મહોદયશ્રીઓ તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓએ ગુજરાત રાજયના પશુપાલન વિભાગ અને વનબંધુ વેટરીનરી કોલેજ, નવસારીના તજજ્ઞો દ્વારા ગાયમાં ખૂબ જ જટીલ એવી મોંઢાના ભાગ ઉપર આવેલા વાર્ટની(Wart) શસ્ત્રક્રિયા, ભેંસમાં જડબાના નીચેના ભાગમાં આવેલ કેન્સરની ગાંઠની શસ્ત્રક્રિયા, વાછરડા તેમજ ગાયમાં સારણગાંઠની શસ્ત્રક્રિયા, મેટલ ડીટેકટર દ્વારા ગાયના પેટમાં લોખંડની તપાસ, કૂતરામાં દાંતની શસ્ત્રક્રિયા, મોટા જાનવરોમાં આંખની શસ્ત્રક્રિયા, બળદમાં શીંગડાના કેન્સરની શસ્ત્રક્રિયા, તણછની શસ્ત્રક્રિયા તેમજ પશુ રોગ નિદાન માટે ઉપયોગી એવા વિવિધ લેબોરેટરી પરીક્ષણ નિહાળેલ તેમજ તેની સમજણ મેળવેલ. આ ઉપરાંત પશુપાલન વિભાગ તેમજ વનબંધુ વેટરનરી કોલેજ દ્દારા મુકવામા આવેલ વિવિધ પ્રદર્શન અને જાનવરોમાં અલ્ટ્રા સોનોગ્રાફીની મદદથી ગર્ભ નિરીક્ષણ પણ નિહાળવામાં આવેલ હતું. મા.મુખ્યમંત્રીશ્રીએ કાફ રેલી નિહાળીને  પશુપાલકો સાથે પશુઓના આરોગ્ય અને જાળવણી અંગે ચર્ચા કરીને પશુ આરોગ્ય મેળાની કામગીરીથી પ્રભાવિત થયા હતા. પશુ આરોગ્ય મેળામાં કુલ નીચે જણાવેલ વિગતે ૯,૪૬૭ કેસોમાં સારવાર કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧ | મેડીકલ સારવાર | ૮૩૫ |
| ૨ | સર્જરી (શસ્ત્રક્રિયા) | ૧૦૭ |
| ૩ | ખસીકરણ | ૪૯ |
| ૪ | વંધ્યત્વ નિવારણ અને ગાયનેકોલોજી | ૧,૧૭૬ |
| ૫ | કૃત્રિમ વીર્યદાન | ૧૦ |
| ૬ | કૃમિનાશક દવા | ૧,૪૬૯ |
| ૭ | ઘેટા અને બકરામાં રસીકરણ | ૫,૮૨૧ |
| | **કુલ** | **૯,૪૬૭** |

## (૩.૩) કૃષિમેળા અંર્તગત સેમિનાર :

| અ.ન. | સેમિનારનો વિષય | તારીખ | સ્થળ | સહભાગી ખેડૂતો |
|---|---|---|---|---|
| ૧ | ડાંગરમાં 'શ્રી' પધ્ધતિ | ૦૬/૦૬/૨૦૧૪ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા | ૯૭ |
| ૨ | આદર્શ પશુપાલન | ૦૭/૦૬/૨૦૧૪ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા | ૧૦૫ |

## માન.મુખ્યમંત્રીશ્રીની પશુ આરોગ્ય મેળાની મુલાકાત દરમ્યાનના ફોટોગ્રાફસ









## માન.મુખ્યમંત્રીશ્રીની કૃષિમેળાની મુલાકાત દરમ્યાનના ફોટોગ્રાફસ









**માન.મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતી યોજાયેલ દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહના ફોટોગ્રાફસ**




















## કૃષિમેળા અંર્તગત ડાંગરમાં 'શ્રી' પધ્ધતિના સેમિનારના ફોટોગ્રાફસ






## કૃષિમેળા અંર્તગત આદર્શ પશુપાલનના સેમિનારના ફોટોગ્રાફસ






:–:–:–:–:–:–:–:–:–:–